# સરકાર અને કોલેજીયનોને ડિગ્રીમાં રસ છે, શિક્ષણમાં નહીં

સમાજમાં એવી કેટલીક નકારાત્મક ઘટનાઓ કે બાબતો બનતી હોય છે, કે જેના પર કંટ્રોલ કરવાનું કે અટકાવવાનું કામ માત્ર સરકાર જ કરી શકે, છતાં સરકાર એ તરફ આંખ આડા કાન કરે ત્યારે તેવી નકારાત્મક ઘટનાઓ કે બાબતોને પ્રોત્સાહન મળે છે, પરિણામે તેવી ઘટના કે બાબતો વધુ પ્રમાણમાં બને છે, જેની નકારાત્મક અસર સમાજ પર થાય છે. સમાજને આવા દૂષણોથી બચાવવા સરકારે લાલ આંખ કરવી પડે અને દૂષિત તત્વોને હટાવવા પડે, જે માટે જરૂર છે નિષ્ઠાની. આવી દૂષિત બાબતોને અટકાવવાના નિયમો કે કાયદાઓ છે જ પણ સરકાર પક્ષે નિષ્ઠાનો અભાવ દેખાય છે. જેના ખરાબ ગંભીર પરિણામો સમાજે ભોગવવા પડે છે અને ભવિષ્યમાં પણ ભોગવવા પડશે. જે માટે જવાબદાર માત્ર અને માત્ર આજની સરકાર જ હશે.

અત્યારે સમાજમાં જે નકારત્મક ઘટના કે બાબત બની રહી છે તે શિક્ષણ ક્ષેત્રની છે. આજના મોટાભાગના કોલેજીયનોને માત્ર ડિગ્રીમાં રસ છે, શિક્ષણમાં નહિ. એટલે કે કોલેજ કે વર્ગખંડમાં આવવું નથી અને ડિગ્રી મેળવવી છે. કોલેજીયનોની આ ગંદી ઈચ્છા આજના સંચાલકો અને સરકાર પૂરી કરી રહી છે. આપણા વડાપ્રધાન આત્મનિર્ભર ભારત અને યુવાનોને કૌશલ્યવાન બનાવવાની વાત કરે છે, તે પ્રમાણે શિક્ષણની નવી નીતિ લાવે છે, પણ ગુજરાત સરકાર એનાથી વિપરીત કામ કરી રહી હોય તેવું દેખાઈ આવે છે. જેની સચ્ચાઈ જોવી હોય તો નીકળી પડો કોલેજના કેમ્પસમાં. કોલેજમાં કેટલા વિદ્યાર્થીને પ્રવેશ આપ્યો છે અને કેટલા વિદ્યાર્થી વર્ગખંડમાં છે? તેમાં પણ આર્ટસ અને કોમર્સ કોલેજમાં તો ભાગ્યેજ ૧૦ ટકા વિદ્યાર્થી વર્ગખંડમાં હશે. હા, ૧૦ ટકા જ. કદાચ આ આંકડો પણ વધારે છે. રેગ્યુલર અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓ કોલેજમાં આવે છે, પણ વર્ગખંડમાં જતા નથી. કેમ્પસમાં બાઈક પર પગ લાંબા કરીને ગુંડાની જેમ બેસે છે, કેટલાક સિગારેટ પીવે છે,કેટલાક છોકરીઓની મશકરી કરે છે, કેટલાક અપશબ્દો બોલી રોફ જમાવે છે,.આ છે આજના કોલેજ કેમ્પસના દ્રશ્યો. આ બાબતે ત્રણ સંચાલકોને પૂછ્યું કે, તમે વિદ્યાર્થીઓને કેમ સમજાવતા નથી કે તેઓ વર્ગખંડમાં આવે. ત્યારે તે સંચાલકોના જવાબમાં સરકાર જ દોષિત જણાય છે. એક સંચાલકે કહ્યું કે, અમારે ત્યાં ૮૦૦ આસપાસ વિદ્યાર્થી છે, પણ અધ્યાપક એક પણ નથી. બીજા સંચાલકે કહ્યું કે અમારે ત્યાં ૩૦૦ વિદ્યાર્થી સંખ્યા છે પણ અધ્યાપક એક પણ નથી. ત્રીજા સંચાલકે કહ્યું કે, અમારે ત્યાં ૧૬૦૦ વિદ્યાર્થી છે પણ અધ્યાપક માત્ર પાંચ જ છે. આ ત્રણે સંચાલકોની દલીલ હતી કે, અમે વિદ્યાર્થીઓને સમજાવીને દબાણ કરીને વર્ગમાં લાવીએ તો ખરા, પણ વર્ગમાં એમને ભણાવનાર કે એમની સામે ઊભા રહેનાર અધ્યાપક તો હોવા જોઈએ ને? જેથી અમે વિદ્યાર્થીઓને કશું કહેતા નથી. આમ પણ આજના વિદ્યાર્થીને કોલેજના વર્ગખંડ કરતા કોલેજનું કેમ્પસ વધારે ગમે છે. તેમને માત્ર ડિગ્રીમાં જ રસ છે, તેમને ભણવું નથી. માત્ર ડિગ્રી લેવી છે. જે આજની યુનિવર્સિટી અને સરકાર આપે છે. વાચકો વિચારો આ હાલત આજે કોલેજોમાં છે. તો એવું નથી લાગતું કે, વડાપ્રધાન શિક્ષણની નવી નીતિ લાવે એના કરતા જૂની નીતિનો યોગ્ય રીતે અમલ કરાવે તો પણ શિક્ષણ સુધરે? અહી સંચાલકો નિષ્ઠાવાન લાગ્યા, પણ એટલી નિષ્ઠા સરકારમાં દેખાઈ આવે છે?

હવે વાત કરીએ સંચાલકો અને સરકારની મેલી મુરાદની. જેના કારણે કેટલાક કોલેજ સંચાલકો અને સરકારનું કેટલું મોટું અહિત કરી રહ્યા છે. ભવિષ્યની પેઢી અને વર્ગખંડ શિક્ષણને ખેદાનમેદાન કરવાની કેવી રણ નીતિ અપનાવી રહ્યાં છે? વાત છે, આજની બી.એડ. કોલેજના મોટાભાગના સંચાલકો અને સરકારની કે તેઓ સમાજને કૌશલ્ય, જ્ઞાન, મૂલ્યો અને તાલીમ વિહીન બોધસ શિક્ષકો આપી રહ્યા છે. હા, અત્યારે દર વર્ષે આવા અનેક વિદ્યાર્થીઓ શિક્ષકની માત્ર ડિગ્રી મેળવીને સમાજમાં ઠલવાય છે તેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ તાલીમ લીધા

વિના માત્ર પરીક્ષા આપીને ડિગ્રી મેળવે છે અને શિક્ષક તરીકે સમાજમાં આવે છે. વિચારો કે ભવિષ્યમાં શાળાઓમાં શિક્ષણ કેવું હશે ? એક કલ્પના કરો કે, મેડીકલમાં પ્રવેશ લઈને એક પણ દિવસની તાલીમ લીધા વિના, માત્ર લેખિત પરીક્ષા આપીને ડિગ્રીના આધારે ડોકટર બને તો તમે તેની પાસે ઇન્જેક્શન લેવા કે ઓપરેશન કરાવવા જશો ? નહિ જ જાવ. પણ અત્યારે તાલીમ લીધા સિવાય, માત્ર પરીક્ષા આપીને ડિગ્રીના જોરે શિક્ષક બનનાર પાસે તમે તમારા બાળકને ભણવા માટે મોકલશો, તો એ કેવું ભણાવશે? અરે તાલીમ વગર માત્ર વાંચીને ડોક્ટર, ડ્રાયવર, રસોયો, સ્વીમર કે ક્રિકેટર ના બની શકાય. એ માટે તાલીમ લેવી જ પડે. કારણ કે, ત્યાં જ્ઞાનની સાથે કૌશલ્યની જરૂર છે. પણ ગુજરાતમાં તાલીમ વગર એકપણ દિવસ કોલેજ ગયા વગર શિક્ષક બની શકાય છે ! આવું એક બે વર્ષમાં શરૂ થયું છે એવું નથી. ઘણાં સમયથી ચાલે છે. એવું પણ નથી કે સરકાર નથી જાણતી. સરકાર જાણે છે છતાં ચાલવા દે છે, તેનો અર્થ વાચકો સમજી શકે છે. સંચાલકો અને સરકારે શિક્ષણની તાલીમી કોલેજોને એવું ક્ષેત્ર બનાવી દીધું છે કે, જ્યાં તાલીમ વગર પૈસાને પ્રાધાન્ય આપીને માત્ર ડિગ્રી જ અપાય છે.

આજે મોટાભાગના વિદ્યાર્થીને પણ કોલેજ ગયા વગર ડિગ્રી લેવામાં રસ છે, શિક્ષણ કે કૌશલ્યમાં રસ નથી. આવી સુવિધાઓ સેલ્ફ ફાયનાન્સ કોલેજના મોટાભાગના સંચાલકો આપે છે. તેને અટકાવવા માટે સરકાર કોઈ પગલા લેતી નથી. પરિણામ એ આવ્યું છે કે, સારું કામ કરતી, શિક્ષણ સાથે મૂલ્યો અને કૌશલ્યો આપતી ગ્રાન્ટેડ અને સરકારી બી.એડ. કોલેજોમાં વિદ્યાર્થી પ્રવેશ લેતા નથી. કારણ કે, અહી પ્રવેશ લે તો નિયમિત કોલેજ જવું પડે, કામ કરવું પડે, કૌશલ્યો મેળવવા તાલીમ લેવી પડે, પ્રેક્ટીસ કરવી પડે વગેરે. જયારે મોટાભાગની સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં આ કશું જ નહિ કરવાનું અને છતાં ઊંચા ઇન્ટરનલ માર્ક્સ સાથે ડિગ્રી મળવાની ગેરંટી છે. સારી કોલેજો વિદ્યાર્થીના કામ અને મહેનતને આધારે ઇન્ટરનલ માર્ક્સ આપે છે, જયારે પૈસા કમાવાનો ધંધો લઈને બેઠેલી કોલેજો તાલીમ આપ્યા વગર, કોલેજમાં ગયા વગર, પૈસાને આધારે ઇન્ટરનલ માર્ક્સ આપે છે. વાહ ભાઈ વાહ !

બી.એડ.માં મોટાભાગના વિદ્યાર્થીઓ કોલેજ ગયા વગર માત્ર ડિગ્રી લેવા સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં પ્રવેશ મેળવે છે. પરિણામે ગ્રાન્ટેડ કે સરકારી કોલેજોમાં સીટો ખાલી રહે છે. અહી શૈક્ષણિક અહિત તો થાય છે, પણ સાથે સરકારને આર્થિક મોટું નુકશાન પણ થાય છે. ગ્રાન્ટેડ કે સરકારી કોલેજોમાં સીટો ખાલી રહેવાથી પર સ્ટુડન્ટ કોસ્ટ વધી જાય છે. સાથે સરકારે સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને સ્કોલરશીપ પેટે વધુ પૈસા ચૂકવવા પડે છે. ગ્રાન્ટેડ કે સરકારી બી.એડ. કોલેજોમાં સ્કોલરશીપ પેટે એક વિદ્યાર્થીને લગભગ ૬૦૦૦ રૂપિયા ચૂકવે છે, જયારે સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં એક વિદ્યાર્થીને ૬૦,૦૦૦ આસપાસ ચૂકવે છે. આમ સરકાર આર્થિક રીતે બેવડો માર સહન કરે છે. જો ગ્રાન્ટેડ કે સરકારી બી.એડ. કોલેજોમાં પૂરી સીટો ભરાય તો શિક્ષણની સાથે આર્થિક મોટો લાભ થાય. પણ આ ત્યારે જ શક્ય બને કે જયારે સેલ્ફ ફાયનાન્સ કોલેજો દ્વારા ઘેર બેઠા ડિગ્રી અને ઇન્ટરનલ માર્ક્સ આપવાનું સરકાર બંધ કરાવે. નવી શિક્ષણ નીતિમાં આ અંગે ભાર આપીને કહેવામાં આવ્યું છે કે, આવી કોલેજોને શિક્ષા સાથે બંધ કરવામાં આવશે. તો ગુજરાત સરકાર તેનો અમલ તાત્કાલિક કરીને શિક્ષણ પ્રત્યેની પોતાની નિષ્ઠા બતાવે અને સમાજને સારા શિક્ષકો આપે.

**અશોકી** : અત્યારે કોલેજમાં ગયા વગર, શિક્ષણની તાલીમ લીધા સિવાય માત્ર ડિગ્રીને આધારે શિક્ષક બનાવતા સંચાલકો અને સરકારને ભવિષ્યની પેઢી માફ નહિ કરે. જે માટે મેકોલે કરતા આજની સરકાર અને સંચાલકોને વધારે દોષિત ગણશે!